JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET

ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets

- Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
- Galvanised Plain Sheet - MS - CRC sheets
- Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
- 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
- Poly Carbonate, PVC Sheets & Roofing Accessories

STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?



ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવો સુદ સાતમ શુક્રવાર ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૭૮

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦


## રશિયન ઓઇલ ખરીદી પ્રતિબંધ ખરડાને અમેરિકી સંસદની મંજૂરી: ભારત નિશાન પર

# ભારત-ચીન પર 100% ટેરિફનો તોળાતો ખતરો

**ટ્રમ્પને** રશિયા પર આકરા પ્રતિબંધો લાદવાની અને ભારત, ચીન સહિતના તેના વેપારી ભાગીદારો પર ટેરિફ ઝીંકવાની સત્તા આપતો આ ખરડો પ્રતિનિધિ ગૃહમાં ભારે બહુમતિથી પસાર, 58 ડેમોક્રેટોએ પણ ટેકો આપ્યો

**સેનેટમાં** અગાઉ જ ભારે બહુમતિથી પસાર થઇ ગયો હતો, ટ્રમ્પ હવે ભારત પર પણ આકરા ટેરિફ લાદી શકે

**વોશિંગ્ટન, તા. 17(PTI):** અમેરિકાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે એક બિલ પસાર કર્યું છે, જે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયા પર આકરા પ્રતિબંધો લગાવવાની અને ભારત તથા ચીન સહિત તેના તેલ અને ગેસના વેપારી ભાગીદારો પર ભારે ટેરિફ લાદવાની સત્તા આપશે.

'લિન્ડસે ઓ ગ્રેહામ સેંક્શનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ 2026' ગયા મહિને સંસદના અન્ય ગૃહ સેનેટ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બુધવારે સાંજે હાઉસમાં 262-159 મતોથી તેને મંજૂરી આપવામાં આવી હતી અને હવે આ બિલ ટ્રમ્પના હસ્તાક્ષર થઈને કાયદો બનવા માટે મોકલવામાં આવશે. 203 રિપબ્લિકન ઉપરાંત, 58 ડેમોક્રેટ્સ અને એક અપક્ષે આ કાયદાની તરફેણમાં મત આપ્યો હતો. જ્યારે સાત રિપબ્લિકન અને 152 ડેમોક્રેટ્સે તેનો વિરોધ કર્યો હતો. ડેમોક્રેટ્સનો વિરોધ મુખ્યત્વે ટ્રમ્પને આપવામાં આવતી ટેરિફ સંબંધી સત્તાઓ પર કેન્દ્રિત હતો.

...અનુસંધાન પાના 15 પર

## સંબંધો પર અસર થશે: ભારતની અમેરિકાને ચેતવણી

**વિદેશ** મંત્રાલયે એ વાત દોહરાવી કે ભારત તેના 1.4 અબજ વસ્તીની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા પ્રતિબધ્ધ છે

**નવી દિલ્હી, તા. 17 (PTI):** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન ક્રૂડ ઓઈલ ખરીદવા બદલ ભારત અને ચીન જેવા દેશો પર 100 ટકા સુધીના દંડાત્મક ટેરિફ લાદવાની મંજૂરી આપતો ખરડો અમેરિકી સંસદે પસાર કર્યા બાદ ભારતે ગુરુવારે જણાવ્યું હતું કે તે પોતાના આર્થિક હિતોનું રક્ષણ કરવા અને ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં ભરશે. ઉપરાંત ભારતે ચેતવણી આપી છે કે અમેરિકાના આ

...અનુસંધાન પાના 15 પર

## મોદી ૭૬ વર્ષના થયા: દેશવિદેશના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી

**પુતિન,** મેલોની અને નેતન્યાહુએ ગણાવ્યા ખાસ મિત્ર

**રાષ્ટ્રપતિ** મુર્મુ અને રાહુલ ગાંધીથી લઈને પુતિન, ટ્રમ્પ, નેતન્યાહુ અને મેલોની જેવા વૈશ્વિક દિગ્ગજોએ વડાપ્રધાનના સુદીર્ઘ આયુષ્યની કરી કામના



■ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે આજે ગુરુવારે વારાણસીના અહલ્યાબાઇ ઘાટ પર બટુકોએ ગંગા નદીમાં દૂધ અને પાણીનો અભિષેક કર્યો હતો.

**નવી દિલ્હી, તા. 17 (PTI):** વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ૭૬મો જન્મ દિવસ હતો તે પ્રસંગે તેમને રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ સહિત દેશના અનેક નેતાઓ તથા વિશ્વના અન્ય દેશોના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુશાસન ક્ષેત્રે તેમના રેકોર્ડની પ્રશંસા કરી હતી, તો ગૃહમંત્રી અમિત શાહે મોદીની એક સામાન્ય ભાજપ કાર્યકર્તાથી લઈને દેશના સર્વોચ્ચ રાજકીય પદ સુધીની યાત્રાને યાદ કરી હતી. ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ભારતને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રોમાંના એક તરીકે ઉભારી લાવવાનો શ્રેય મોદીને આપ્યો હતો, જ્યારે આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીથી લઈને પ્રધાનમંત્રી સુધીની તેમની યાત્રાએ "ભારતના વિકાસની કહાણીને એક નવો વેગ આપ્યો છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ મોદીને દીર્ઘાયુ અને તંદુરસ્ત જીવનની શુભેચ્છા પાઠવી હતી. અન્ય પણ વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ શુભેચ્છાઓ પાઠવી હતી.

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન, ઇઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને ઇટાલિયન વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સહિત ઘણા વિશ્વ નેતાઓએ ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૬મા જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી હતી. ભારત ખાતેના અમેરિકી દૂતાવાસે પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વતી વડાપ્રધાન મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. દૂતાવાસે 'X' પર એક પોસ્ટમાં બંને નેતાઓની મુલાકાતનો એક જૂનો ફોટો પણ

...અનુસંધાન પાના 15 પર

## નરેન્દ્ર મોદીના જન્મદિવસે ઉજ્જૈનમાં રચાયો વર્લ્ડ રેકોર્ડ

### ક્ષિપ્રા નદીના ઘાટ પર ૩૩.૨૭ લાખ દીવડા પ્રગટાવાયા







**'આશીર્વાદ** કા દિયા' કાર્યક્રમ અંતર્ગત સમગ્ર મધ્યપ્રદેશમાં એકસાથે ૩.૫૫ કરોડ દીવા પ્રગટાવીને અનોખી રીતે ઉજવણી કરાઈ

**ઉજ્જૈન, તા. 17.** વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસ પ્રસંગે મધ્યપ્રદેશના ઉજ્જૈન શહેરમાં એક નવો વિશ્વ વિક્રમ સર્જાયો છે. ગુરુવારે સાંજે 'આશીર્વાદ કા દિયા' કાર્યક્રમ હેઠળ ક્ષિપ્રા નદીના કિનારે એકસાથે ૩૩.૨૭ લાખ માટીના દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા. સાંજે ૭ વાગ્યે સાયરન વાગતા જ સ્વયંસેવકોએ માત્ર ત્રણ મિનિટની અંદર તમામ દીવડાઓ પ્રજ્વલિત કરી દીધા હતા, જેનાથી નદીના ઘાટ રોશનીથી ઝળહળી ઊઠ્યા હતા.

આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી અભૂતપૂર્વ જાહેર ભાગીદારી જોવા મળી હતી. એકમાત્ર ઉજ્જૈનમાં જ નહીં, પરંતુ સમગ્ર મધ્યપ્રદેશમાં અલગ-અલગ સ્થળોએ કુલ મળીને ૩.૫૫ કરોડ દીવડાઓ એકસાથે પ્રગટાવવામાં આવ્યા હતા, જેણે સેવા અને સમર્પણનો સંદેશ આપ્યો હતો.

...અનુસંધાન પાના 15 પર

## ટાટા ગ્રુપમાં દાયકાનું સૌથી મોટું બોર્ડરૂમ યુદ્ધ

**ટાટા** સન્સના બોર્ડે એન. ચંદ્રશેખરનને ફરીથી એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે નિમ્યા, જો કે ટાટા ટ્રસ્ટના અધ્યક્ષ નોએલ ટાટાએ વિરુદ્ધમાં મત આપ્યો

**ટાટા** સન્સે બહુમતિથી નિમણૂક થઇ હોવાનું જણાવ્યું, ટાટા સન્સે મતદાનને રદબાતલ ગણાવ્યું

**આગામી** દિવસોમાં ટાટા જૂથમાં વિવાદ ભારે વકરવાના એંધાણ





**મુંબઈ, તા. 17 :** એક દાયકા પહેલાં સાયરસ મિસ્ત્રીને હોદ્દા પરથી દૂર કરાયા બાદ ટાટા સન્સ તેના સૌથી વિસ્ફોટક બોર્ડરૂમ સંકટમાં ઘેરાઈ ગયું છે. ગુરુવારે ડિરેક્ટરોએ એન ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષ માટે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે પુનઃનિયુક્ત કરવા મતદાન કર્યું હતું - પરંતુ તેની થોડા જ કલાકોમાં, સંસ્થાના બહુમતી શેરધારક એવા ટાટા ટ્રસ્ટ્સે આ મતદાનને અમાન્ય જાહેર કરી દીધું હતું.

લગભગ ત્રણ કલાક ચાલેલી આ બેઠક બાદ સામસામે નિવેદનો, મતગણતરી અંગે વિવાદ અને ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશનો કાનૂની અભિપ્રાય સામે આવ્યા હતા. જેના કારણે ભારતના સૌથી મોટા વ્યાપારી જૂથનું વાસ્તવિક નેતૃત્વ કોણ કરી રહ્યું છે તે અંગે બે પરસ્પર વિરોધી દાવાઓ ઊભા થયા છે. ટાટા સન્સના બોર્ડે ગુરુવારે એન. ચંદ્રશેખરનને વધુ પાંચ વર્ષની મુદત માટે એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે ફરીથી નિયુક્ત કરવા માટે મતદાન કર્યું હતું. જો કે, જૂથના બહુમતી શેરધારક ટાટા ટ્રસ્ટે આ ઠરાવને તાત્કાલિક અમાન્ય જાહેર કર્યો હતો. આ સાથે જ છેલ્લા એક વર્ષથી વધુ સમયથી આ ઉદ્યોગ જૂથની અંદર ચાલી રહેલો નેતૃત્વનો વિવાદ વધુ ઉગ્ર બન્યો છે. કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિએશનનો હવાલો આપતાં ટ્રસ્ટ્સે દલીલ કરી હતી કે ચેરમેનપદ અંગેના ઠરાવો માટે ટ્રસ્ટ દ્વારા નિયુક્ત બંને ડિરેક્ટરો સક્ષમ રીતે વિરોધ વિના તરફેણમાં વોટ આપે તે જરૂરી છે, અને નોએલ ટાટાએ અસંમતિ દર્શાવી હોવાથી આ મત કાનૂની રીતે અમાન્ય અને રદબાતલ ઠરે છે. આ નાટ્યાત્મક ઘટનાક્રમ લગભગ ત્રણ કલાક ચાલેલી બોર્ડ મીટિંગ દરમિયાન સામે આવ્યો હતો. નોંધનીય છે કે,

...અનુસંધાન પાના 15 પર

### ટાટા સન્સના IPOનો નોએલ ટાટા દ્વારા વિરોધ: કહ્યું - "લિસ્ટિંગથી ટાટા ગ્રુપનું મૂળ અસ્તિત્વ જોખમાશે

શેરબજારમાં લિસ્ટિંગ ટાળવાના ટાટા સન્સના પ્રયાસો આરબીઆઇએ ફગાવી દીધા છે ત્યારે હવે ટાટા સન્સનું એનબીએફસી તરીકે લિસ્ટિંગ આવી શકે છે. ટાટા સન્સનું સંભવિત લિસ્ટિંગ ભારતના સૌથી મોટા આઈપીઓ (IPO) પૈકીનું એક હોઈ શકે છે, જેમાં આ મહાકાય ઉદ્યોગ જૂથનું મૂલ્યાંકન લગભગ 230 અબજ યુએસ ડોલર રહેવાનો અંદાજ છે. ટાટા સન્સને શેરબજારમાં લિસ્ટ (IPO) કરવાના બોર્ડના પ્રસ્તાવ સામે ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ સખત વિરોધ દર્શાવ્યો છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર લિસ્ટિંગથી ટાટા જૂથની સદીઓ જૂની પરંપરા, મૂળ સિદ્ધાંતો અને પરોપકારી સ્વરૂપને ગંભીર નુકસાન પહોંચશે. નોએલ ટાટાના મતે, પબ્લિક લિસ્ટિંગ થવાથી કંપની પર એવા વિદેશી અને સંસ્થાકીય રોકાણકારોનું વર્ચસ્વ વધશે જેઓ માત્ર નાણાકીય નફા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આનાથી કંપનીના લાંબા ગાળાના સાહસિક નિર્ણયો અને સામાજિક કલ્યાણના કાર્યો પ્રભાવિત થઈ શકે છે. RBIના

...અનુસંધાન પાના 15 પર

### ૧૦ વર્ષ જૂના સાયરસ મિસ્ત્રી વિવાદ જેવી સ્થિતિ

આ ટકરાવ ટાટા સન્સના છેલ્લા મોટા બોર્ડરૂમ યુદ્ધની યાદો તાજી કરે છે - ૨૦૧૬માં સાયરસ મિસ્ત્રીને હોદ્દા પરથી દૂર કરવાની ઘટના, જે રતન ટાટા અને ટ્રસ્ટ્સ દ્વારા ઘડવામાં આવેલી યોજના હતી. આ ઘટનાએ વર્ષો સુધી ચાલતી કાનૂની લડાઈને જન્મ આપ્યો હતો, જેનો અંત ૨૦૨૧માં સુપ્રીમ કોર્ટે ટ્રસ્ટ્સની સત્તાને માન્ય રાખી ત્યારે જ આવ્યો હતો. એ લડાઈમાં પણ ટ્રસ્ટ પરના નિયંત્રણનો મામલો ઉછળ્યો હતો.

## ઉધમપુરમાં અથડામણમાં જૈશના બે પાકિસ્તાની ત્રાસવાદી ઠાર

**અથડામણના** સ્થળેથી શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યા

**ઓવર** ગ્રાઉન્ડ વર્કર હોવાની શંકા પરથી એક સ્થાનિક યુવકની અટકાયત

**જમ્મુ, તા. 17 (PTI):** અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના એક દૂરના ઉચ્ચ પહાડી વિસ્તારમાં પાકિસ્તાન સ્થિત પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલા બે આતંકવાદીઓ માર્યા ગયા છે અને એક કથિત ઓવર-ગ્રાઉન્ડ વર્કરની અટકાયત કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે આર્મી, પોલીસ અને CRPF દ્વારા કઠુઆ જિલ્લાની સરહદે આવેલા મજાલ્ટાના ઘનઘોર બ્રટ્ટલ સોહન અને ખુબ્બન જંગલોમાં ભારે વરસાદ વચ્ચે આ સંયુક્ત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સેનાએ આ ઓપરેશનમાં બે આતંકવાદીઓના માર્યા ગયા હોવાની પુષ્ટિ કરી છે. બાદમાં આ બંને ત્રાસવાદીઓની ઓળખ સદ્દામ અને મુસ્તુફા તરીકે થઈ હતી, જેઓ બંને પાકિસ્તાની નાગરિક છે. ૧૬-૧૭ સપ્ટેમ્બરની મધ્યરાત્રિ દરમિયાન હાથ ધરાયેલા એક સંયુક્ત ઈન્ટેલિજન્સ આધારિત ઓપરેશનમાં, ઉધમપુરના બ્રટ્ટલના વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીના ચોક્કસ ઈનપુટ્સ મળ્યા હતા. ખરાબ

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૭-૦૯-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| | | |
|---|---|---|
| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો 0.0 મીમી | મોસમનો ૧૯૩૨ મીમી |
| ઉકાઈ | સપાટી આજની ૩૩૭.૯૬ ફૂટ | આઉટફ્લો ૮૦૦ ક્યુસેક |
| તાપમાન | મહત્તમ ૩૧.૯ સે. / લઘુત્તમ ૨૫.૬ સે. | ભેજ ૭૪% |

## ટાટા ટ્રસ્ટે SP ગ્રુપનો લિક્વીડિટી પ્લાન રજૂ કર્યો

**શાપૂરજી** પાલનજી ગ્રુપની બે કંપનીઓ પોતાની પાસેના ટાટા સન્સના રૂ. ૨૫૦૦૦ કરોડના શેરો વેચે તેવી યોજના

**મુંબઈ, તા. 17 (PTI):** ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ એન. ટાટાએ શાપૂરજી પાલનજી (SP) ગ્રૂપ દ્વારા ટાટા સન્સમાં તેનો કેટલોક હિસ્સો વેચીને રોકડમાં રૂપાંતરિત (મોનેટાઈઝ) કરવા માટે પ્રસ્તાવ ટાટા સન્સના બોર્ડ સમક્ષ રજૂ કર્યો છે. આ પગલાંથી ટાટા જૂથની હોલ્ડિંગ કંપનીને સાર્વજનિક લિસ્ટિંગ (IPO) માટે મજબૂર કર્યા વિના, ગ્રૂપની લિક્વિડિટીની જરૂરિયાતોને ઉકેલવાનો માર્ગ ખુલી શકે છે.

ટાટા ટ્રસ્ટ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પ્રસ્તાવ હેઠળ SP ગ્રૂપના ટાટા સન્સમાં શેર ધરાવતા એકમો - સ્ટર્લિંગ ઈન્વેસ્ટમેન્ટ્સ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ અને સાયરસ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ - ઓછામાં ઓછા રૂ. ૨૫,૦૦૦ કરોડની કુલ રકમ એકત્ર થાય તેટલા શેર વેચશે. આ વ્યવહાર ઈનકમ ટેક્સ રૂલ્સ, ૧૯૬૨ના નિયમ ૧૧UA હેઠળ નક્કી કરાયેલા મૂલ્યાંકન પર આધારિત રહેશે. આ પ્રસ્તાવમાં ૧૮ મહિનામાં બે

...અનુસંધાન પાના 15 પર


ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
#SelfieWithGanesh




"ગનુદાદા" સાથે આજીવન યાદગીરી રાખવાની તક આ વખતે ફરી "ગુજરાતમિત્ર" પૂરી પાડે છે. તમારા ઘર, સોસાયટી અથવા વિસ્તારના મંડપમાં બિરાજમાન ગણેશજી સાથેની સેલ્ફી અથવા ગ્રુપની સેલ્ફી પાડો અમને મોકલો અમે "ગુજરાતમિત્ર"માં પ્રકાશિત કરી આજીવન યાદ રહે એવી આપની તસ્વીર 'સેલ્ફી વિથ ગણેશ' કોર્નરમાં છાપીશું.

તમારી "બપ્પા" સાથેની સેલ્ફી તમારા નામ, વિસ્તારના નામ અને મોબાઈલ નંબર સાથે નીચે જણાવેલ Instagram હેન્ડલ પર 'MESSAGE' ઓપ્શનમાં જઈ મોકલી આપો.

Gujaratmitra

માત્ર ઉપર જણાવેલ ઇન્સ્ટાગ્રામ હેન્ડલ પર મેસેજ કરેલી સેલ્ફી અને વિગતો જ 'ગુજરાતમિત્ર' અખબારમાં પ્રકાશિત કરવામાં આવશે